# India’s rapid response team to Kuwait for combating COVID-19

April 11, 2020

## કોવિડ-19 નો સામનો કરવા માટે કુવૈતમાં ભારતની ઝડપી પ્રતિભાવ ટુકડી

એપ્રિલ 11, 2020

વૈશ્વિક કોવિડ-19 મહામારી સામેની સંયુક્ત લડાઈમાં કુવૈતની સરકારનાં પ્રયાસોમાં સહાયક બનવા માટે આજે 15 ભારતીય ડૉક્ટરો અને આરોગ્ય-સંભાળ વ્યાવસાયિકોની એક ટૂકડી કુવૈત પહોંચી હતી. આ તબીબી ટૂકડી બે સપ્તાહનાં સમયગાળા માટે કુવૈતમાં રહેવાનું અપેક્ષિત છે જે સમયગાળા દરમિયાન પિડીત વ્યક્તિઓની તપાસ અને સારવારમાં અને તેઓનાં કર્મચારીઓની તાલીમમાં તબીબી સહાયતા કરશે.

ભારતીય તબીબી નિષ્ણાંતોને કામે લગાડવાની બાબત તાજેતરમાં ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને કુવૈતનાં વડાપ્રધાન મહામહિમ શેખ સબાહ અલ-ખાલેદ અલ-હમાદ અલ-સબાહ વચ્ચે થયેલા ફોન કૉલનું અનુસરણ છે, જેમાં બન્ને નેતાઓ વૈશ્વિક મહામી સામેનાં સંગઠિત અને સંકલિત પ્રયાસ માટે સંમત થયા હતા. ત્યારબાદ, વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર અને તેનાં કુવૈતનાં પ્રતિસાથીએ કુવૈતમાં પ્રવર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરવા અને આ પડકારજનક સમયમાં સહકાર વધારે મજબૂત કરવા માટે માર્ગો શોધી કાઢવા માટે ટેલીફોન પર વાતચીત કરી હતી.

ભારત અને કુવૈત ઐતિહાસિક, સાંસ્કૃતિક, આર્થિક અને લોકો-છી-લોકો વચ્ચેનાં સંપર્કોનાં આધાર પર મજબૂત ભાગીદારી ધરાવે છે. કુવૈતમાં આશરે દસ લાખ લોકોની અંદાજીત વસ્તી સાથે ભારતીયો સૌથી મોટું બહારથી આવનારા નિવાસીઓનું જૂથ બનાવે છે. ભારત ખતરા સામે અસરકારક રીતે લડવામાં તેનાં પ્રયાસોમાં સહાયક બનવા માટે વિસ્તૃત પાડોશીઓમાં કુવૈતનો સંપર્ક કરી રહ્યો છે.

**નવી દિલ્હી**
**એપ્રિલ 11, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.